EDI

The Western Times (Gujarati)

March 1, 2011
Page No. 2

ઈડીઆઈ દ્વારા બાયોપ્રિન્યોર ઇનોવેશન પ્રોગ્રામની રજુઆત

અમદાવાદ,

ભારતમાં લાઈફ સાયન્સ સેક્ટર ૧૫ ટકાના દરે વૃદ્ધિ કરી રહ્યુ છે તેમ જ ભારતની ફાર્માસ્યુટીકલ પ્રોડક્ટસની માગ વિશ્વભરના દેશોમાં દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે યુવા ઉદ્યોગ સાહસિકો આ ક્ષેત્રમાં ઝંપલાવે તેવા હેતુથી એન્ટર પ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બાયોપ્રિન્યોર ઈનોવેશન પ્રોગ્રામ નામે પાર્ટ ટાઈમ કોર્સની શરૂઆત કરવામાં આવશે. ૧૦ મહિનાના આ કોર્ષમાં વિદ્યાર્થીઓને ઉત્પાદન વિશેનો ચોક્કસ ખ્યાલ ઉદ્યોગ શરૂ કરવા માટે ફાઈનાન્સની વ્યવસ્થા અંગે માર્ગદર્શન તેમ જ પ્રોજેક્ટનો અમલ અને તેના માટે જરૂરી ઔપચારિકતા પૂરી કરવા માટેની તાલીમ આપવામાં આવશે.

આ અંગે એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર ડો. દિનેશ અવસ્થીએ જણાવ્યું હતું કે ઈડીઆઈ આઈ અને ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા બાયોપ્રિન્યોર પ્રોગ્રામ નામે કોર્સની શરઆત મે-૨૦૧૧થી શરૂ કરવામાં આવશે. જેમાં સાયન્ટીફીક એપ્રેન્ટીસશીપ, ડોક્ટરલ રીસર્ચ સહિતનો પ્રેક્ટિકલ અનુભવ ધરાવતા યુવાનો પ્રવેશ મેળવી કશે. આ કોર્સ શરૂ કરવા માટે વિવિધ ઉદ્યોગ સાહસિકોનો સહયોગ પણ મળ્યો છે. આ કોર્સની ફી રૂ. ૪૫,૦૦૦ રાખવામાં આવી છે.